# રોજ એક સેકટરની સંપૂર્ણ સ્વચ્છતાનો નિર્ણય કરાયો

## મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં સ્વચ્છતાનો મુદ્દો ગરમાયો

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજની બેઠકમાં પણ સફાઈનો મુદ્દો ગરમાયો હતો અને હવે રોજ એક સેકટરની સંપૂર્ણ સ્વચ્છતાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

સ્ટેન્ડીંગ કમિટીની આજે શ્રી પ્રવિણભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં શહેરની સ્વચ્છતાનો મુદ્દો ૨૦ મિનિટથી પણ વધુ સમય સુધી ચર્ચાયો હતો. યુવા સભ્ય હર્ષજીત પંડયાએ બે રખડતા પશુઓની સમસ્યાને લઈ તંત્રના અધિકારીઓને ભીંસમાં લીધા હતા.

મળતી વિગતો મુજબ આજની આ બેઠકમાં કોર્પોરેશનના વરિષ્ટ સભ્ય શ્રી નામદેવ વરસાતે પણ કન્ટેઈનર ઉપાડનાર કર્મચારીઓની સખ્યામાં વધારો કરવા માટે તેમજ કન્ટેઈનર સુધી પહોંચવા માટે માર્ગથી જોડતા સ્થળ સુધી પાકા રોડ બનાવવા પાટનગર યોજનાને લેખિતમાં જાણ કરવા સૂચવ્યું હતું.

સ્વચ્છતાના મુદ્દે શૈલેન્દ્રસિંહ બિહોલા અને જીતુ રાયકાએ સઘન મોનીટરીંગ પર વિશેષ ભાર મુકયો હતો એટલું જ નહિ એક તબક્કે તેમણે કર્મચારીઓના મોનીટરીંગ માટે જરૂર પડયે પદાધિકારીઓને જવાબદારી સોંપવા જણાવ્યું હતું.

શ્રી અશોક શ્રીમાળીએ જણાવ્યું હતું કે સફાઈના મુદ્દે તંત્ર અને એજન્સીઓ વચ્ચે સાંઠગાંઠ હોય તેમ તંત્ર ઉડાઉ જવાબ આપે છે જે યોગ્ય નથી. તેમણે જણાવ્યું હતું કે કર્મચારીઓની એક સાથે રજાઓ કેવી

● અનુસંધાન પાન-૭ પર

# મિલ્કતવેરાની આકારણીના વિવાદો ઉકેલવા પાંચ નગરસેવકોની સમિતિ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં મિલ્કતવેરાની વસુલી માટે એરિયા બેઝ આકારણી સામે વધતા જતા જનાક્રોશને લઈ કોર્પોરેશનની સ્થાયી સમિતિએ આજે પાંચ સભ્યોની એક સમિતિ બનાવી વાંધા-અરજીઓના નિકાલમાં તંત્રને મદદરૂપ થવાનો નિર્ણય કર્યો છે.

સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલના અધ્યક્ષસ્થાને આજે મળેલી બેઠકમાં આ સમિતિના ચેરમેન તરીકે શ્રી નામદેવ વરસાતની નિમણુંક કરાઈ છે. જ્યારે સમિતિના સભ્યોમાં શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા, શ્રી હર્ષજીત પંડ્યા, શ્રીમતિ મીનાબેન વાઘેલા અને શ્રી સુભાષ પાંડવની નિમણુંક કરવામાં આવી છે.

આ સમિતિની રચનાનો ઠરાવ આજે અધ્યક્ષસ્થાનેથી રજુ થયો હતો અને તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો. સમિતિ હવે આગામી એક-બે દિવસમાં જ તેની કામગીરીનો આરંભ કરી દેશે. આજે આ અંગે જે ઠરાવ રજુ કરવામાં આવ્યો છે તેમાં એવું પણ જણાવવામાં આવ્યું છે કે વાંધા અરજીનો નિકાલ ના થાય ત્યાં સુધી દંડનીય વ્યાજ ૧૮ ટકાની વસુલી કરવી નહિ.

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં એરીયાબેઝ આકારણી અંગેના બીલોની બજવણી મહાનગરપાલિકા દ્વારા થઈ રહેલ છે. આ એરીયાબેઝ આકારણી સંબંધે જે કોઈ નાગરિકો બીલ ભરવા આવે ત્યારે નામ, સ્પેલીંગ કે અન્ય સામાન્ય બાબત સંબંધે વાંધા અરજીઓ આપે તો તેનો સ્થળ પર નિકાલ કરી બીલ ભર્યાની સુધારેલી પાવતી આપવાની રહેશે.

મકાનમાં માપ કે ઉંમર કે ભોગવટા બાબત વાંધા અરજી આવે તો દિન-૧૦માં તેનો નિકાલ કરવો

● અનુસંધાન પાન-૭ પર




Happy Birthday to You

વાઘેલા અશ્વિની જયેશસિંહ
જન્મ તારીખ ૧/૦૯/૨૦૦૭

લિ.
વાઘેલા જયાબા જયેશસિંહ
વાઘેલા જયેશસિંહ દિપસિંહ
વાઘેલા જયસિંહ જયેશસિંહ
સમસ્ત વાઘેલા પરિવાર, ગામ-ભાટ
મો. ૯૯૭૪૬૧૨૩૪૨




મેઘ મહેર - છેલ્લા ત્રણ દિવસથી ઉકળાટ પરસેવે રેબઝેબ કરતો હતો. શુક્રવારે બપોરે મેઘરાજાની સવારી આવતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. માત્ર બે-અઢી કલાકમાં ૨૫ મી.મી. વરસાદ વરસ્યો હતો. દિવસભર કાળાભમ્મર વાદળોથી ઘેરાયેલું આકાશ એવો સંકેત આપતું હતું કે, વરસાદ મન મૂકીને વરસશે. પરંતુ એવું બન્યું નહીં. ગુજરાતના અન્ય વિસ્તારોના પ્રમાણમાં ગાંધીનગરે માત્ર ૧ ઈંચ વરસાદથી સંતોષ માનવો પડ્યો.... (તસવીર : દિપક જાની)

# જિલ્લાની પાંચ વિધાનસભાની બેઠકો માટે વલનેરબલીટી મેપીંગનો આરંભ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો માટે વલનેરબલીટી મેપીંગનો આરંભ કરવા સાથે તંત્રએ નિષ્પક્ષ વાતાવરણમાં ચૂંટણીઓ યોજાય તેની તૈયારીઓ આરંભી દીધી હોવાનું જિલ્લા કલેક્ટરશ્રી પી. સ્વરૂપે આજે જણાવ્યું હતું.

જિલ્લાની મતદારયાદી પ્રસિદ્ધ કરાયા બાદ આજે પત્રકારો સાથે વાતચીત કરતાં જિલ્લા કલેક્ટરશ્રી સ્વરૂપે જણાવ્યું હતું કે વલનેરબલીટી મેપીંગ ત્રણ તબક્કામાં કરવામાં આવશે. આ મેપીંગથી મતદાન મથકો વધુ સુરક્ષિત બનશે અને મતદારો પણ નિર્ભય બની મતદાનમાં ભાગ લઈ શકશે.

તેમણે જણાવ્યુ હતુ કે પ્રથમ તબક્કામાં જ્યાં જ્યાં તોફાનો અથવા બુથ કેપચરીંગની શક્યતાઓ હોય તેવા વિસ્તારો અલગ તારવવા, તેમજ મતદારો સુરક્ષિત બને તે માટે જ્યાં જ્યાં વારંવાર ચૂંટણીલક્ષી ગુનાઓ નોંધાયા હોય તે પણ અલગ તારવવામાં આવશે.

બીજી તબક્કામાં ટ્રબલ મેકર્સને ઓળખ કાઢવામાં આવશે અને તેમની સામે અટકાયતી કાર્યવાહી કરવામાં આવશે. અંતિમ તબક્કામાં ટ્રબલ શુટર્સની પણ અલગ યાદી તૈયાર કરવામાં આવશે.

જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યુ હતુ કે આ મેપીંગની કામગીરી માટે સેકટરલ મેજીસ્ટ્રેટ અને પો.સ.ઈ. અથવા એ.એસ.આઈ.ની ટીમ પ્રથમ રિપોર્ટ કરશે. આ પછી ડી.વાય.એસ.પી. અને મામલતદાર દ્વારા તેની ચકાસણી કરવામાં આવશે જ્યારે અંતિમ તબક્કામાં પોલીસ અધિક્ષક અને અમે સંયુક્ત મુલાકાત લેશુ.

તેમણે જણાવ્યુ હતુ કે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાયા બાદ ક્રિટીકલ મતદાન મથકો પણ અલગથી જાહેર કરવામાં આવશે. આ મતદાન મથકો પર સ્થાનિક પોલીસ ઉપરાંત કેન્દ્રીય

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં ૫૨૯ બુથો પર મહિલા મતદારોએ પુરૂષ કરતાં વધુ નોંધણી કરાવી

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં મતદારયાદી સુધારણા દરમ્યાન ૫૨૯ બુથો પર સ્ત્રી મતદારોએ પુરૂષ મતદારોની નોંધણી કરતાં વધુ નોંધણી કરાવી હોવાનું જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપે આજે જણાવ્યું હતું.

જિલ્લામાં મતદારયાદીની પ્રસિદ્ધિ કર્યા બાદ આજે પત્રકારો સાથે વાતચીત કરતાં તેમણે જણાવ્યું હતું કે મતદારયાદી સુધારણા ઝુંબેશ જિલ્લામાં સફળ રહી છે. આ સુધારણા ઝુંબેશના સારા પરિણામ પણ મળ્યા છે.

આ ઝુંબેશ દરમ્યાન ૧૮ થી ૧૯ વર્ષની આયુ ધરાવતા ૨૪ ટકા જેટલા મતદારો મળી આવ્યા છે જ્યારે ૧૮ થી ૨૯ વર્ષની આયુ ધરાવતા ૭૬ ટકા જેટલા મતદારો મળ્યા છે જે આ ઝુંબેશની સફળતા દર્શાવે છે. તેમણે જણાવ્યું હતું કે જિલ્લામાં જેન્ડર રેસિયો પણ ૯૩૩ નોંધાયો છે. જે ૧-૬-૨૦૧૨ના રોજ પ્રસિદ્ધ થયેલ મતદારયાદી કરતાં ૧નો વધારો દર્શાવે છે.

તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે જિલ્લામાં જે નવી મતદારયાદી તૈયાર કરવલામાં આવી છે તેમાંથી ૯૮.૧૦ મતદારોના ફોટા સમાવી લેવામાં આવ્યા છે. જિલ્લામાં ફોટો ઓળખકાર્ડ ધરાવતા મતદારોની સંખ્યા કુલ મતદારોના ૯૮.૮૦ ટકા જેટલી થવા જાય છે.

જે મતદારોના પોટા બાકી રહ્યા છે તેવા મતદારો પાસેથી ફોટા લેવા માટે બુથલેવલ ઓફિસરોને જણાવી દેવામાં આવ્યું છે. આ કામગીરી ચાલુ જ છે. તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે જિલ્લામાં નવા મતદારોની નોંધણી ચાલુ રહેશે.

જિલ્લા કલેક્ટરશ્રી સ્વરૂપે જણાવ્યું હતુ કે મતદારયાદી સુધારણા દરમ્યાન જે મતદારોનો ઉમેરો થયો છે તેમાં પુરૂષ મતદારોની ટકાવારી ૩.૧૬ અને મહિલા મતદારોની ટકાવારી ૩.૨૮ ટકા સાથે સરારેશ ૩.૨૩ ટકા જેટલા નવા મતદારો નોંધાયા છે. તેમણે જણાવ્યુ હતું કે ૧૭,૪૭૪ પુરૂષ મતદારો અને ૧૭૧૨૨ સ્ત્રી મતદારોના મળી ૩૪,૫૯૮ મતદારો નવા નોંધાયા છે.

## જિલ્લામાં ૧૪૭ મતદાર વિભાગોમાં પુરૂષ કરતાં મહિલા મતદારો વધુ છે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં ૧૪૭ મતદાર વિભાગો એવા છે જ્યાં મહિલા મતદારો પુરૂષ મતદારો કરતાં વધુ છે. જ્યારે ૯૬ મતદાર વિભાગો એવા છે જ્યાં પુરૂષ અને સ્ત્રી મતદારોની સંખ્યા એક સરખી છે.

ગાંધીનગર જિલ્લાની મતદારયાદી આજે પ્રસિદ્ધ કરવામાં આવી છે. જિલ્લામાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૯,૯૦,૦૧૭ છે જેમાં સ્ત્રી મતદારોની સંખ્યા ૪,૭૭,૭૫૭ અને પુરૂષ મતદારોની સંખ્યા ૫,૧૨,૨૫૮ છે.

જિલ્લામાં ૬૪૧ સર્વિસ વોટર્સ નોંધાયેલા છે. જિલ્લામાં કુલ પાંચ વિધાનસભા મતવિસ્તારો છે અને તેના મતદાન મથકોની સંખ્યા ૧૧૫૦ છે. જેમાં સૌથી વધુ મતદાનમથકો ગાંધીનગર (દ)માં ૨૮૪ છે. ગાંધીનગર (ઉ)માં ૨૧૬, દહેગામમાં ૨૨૦, માણસામાં ૨૨૬ અને કલોલમાં ૨૦૪ મતદાન મથકો છે. જિલ્લામાં ચૂંટણી દરમ્યાન ૮૦૦ જેટલા વિડીયોગ્રાફરની જરૂરિયાતને ધ્યાને રાખી તે માટેના ટેન્ડર પણ માંગવામાં આવ્યા છે.






## ગાંધીનગરના અગ્રણી ડૉ. હિમાંશુ પટેલની સિન્ડીકેટમાં નિમણૂંક

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મંત્રી અને ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંક લિ.ના પૂર્વ ચેરમેન ડૉ. હિમાંશુ પટેલની



રાજ્યના રાજ્યપાલશ્રી દ્વારા સતત બીજીવાર ત્રણ વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટીના સિન્ડીકેટ મેમ્બર તરીકે નિમણુંક કરવામાં આવી છે.

વ્યવસાયે વકીલાસ સાથે સંકળાયેલા ડૉ. હિમાંશુ પટેલ ગાંધીનગર બાર એસોસિએશન અને અમદાવાદ ગ્રામ્ય બાર એસોસિએશનમાં પણ સક્રિય રહ્યા છે. તેઓની તાજેતરમાં ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ દ્વારા ગુજરાત યુનિવર્સિટીમાં સિન્ડીકેટ મેમ્બર તરીકે નિમણૂંક કરવામાં આવી છે.

## દૂધ મંડળીની વ્યવસ્થાપક સમિતિમાં બે યુવા અગ્રણીઓને કો-ઓપ્ટ કરાયા

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી



લિમીટેડની વ્યવસ્થાપક સમિતિના સભ્યોની તાજેતરમાં મળેલ મીટીંગમાં શહેરના યુવા અગ્રણી અને સામાજીક કાર્યકર તથા કોર્પોરેટર તથા મંડળીમાં અગાઉ વિવિધ હોદ્દાઓ ઉપર સેવાઓ આપી ચૂકેલા શ્રી અશ્વિનભાઈ કે. વ્યાસ (કુકર)ની તથા શહેરના યુવાન ધારાશાસ્ત્રીશ્રી ગજેન્દ્રસિંહ કે. રાઠોડની મંડળીની વ્યવસ્થાપક સમિતિમાં ડીરેકટર તરીકે કો.ઓપ્ટથી નિમણુંક કરવામાં આવી છે.


**ગુજરાત વિધાનસભાની ચૂંટણી-૨૦૧૨**

**મતદાર યાદીમાં નામ ન હોય તો નોંધાવવા માટેની**

**એક વધુ તક**

આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓમાં મતદાન કરવા માટે મતદારયાદીમાં નામ હોવું અનિવાર્ય છે. આખરી મતદારયાદી તા. ૩૧-૮-૨૦૧૨ના રોજ પ્રસિદ્ધ થઈ ગયેલ છે. આ **મતદારયાદીમાં આપ આપનું નામ અચૂક ચકાસી લો તે જરૂરી છે.** જો આપનું નામ મતદારયાદીમાં ન હોય તો તે નોંધાવવા માટે ચૂંટણી પંચના **મતદારયાદીની સતત સુધારણા કાર્યક્રમ** અન્વયે આપ આપનું નામ મતદારયાદીમાં હજુ પણ નોંધાવી શકો છો. આ માટે :-

- તા. ૧-૧-૨૦૧૨ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના મતદારનું નામ નોંધાવવા માટે નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)માં અરજી કરવી.
- નમૂના-૬માં આપના પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવા, જેથી ના દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે નમૂના-૭માં અરજી કરવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા નમૂના-૮માં અરજી કરવી.
- એક જ વિધાનસભાના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમૂના-૮(ક)માં અરજી કરવી.
- જો આપનું મતદાર ઓળખકાર્ડ (EPIC) ખોવાઈ ગયેલ હોય અને આપ ડુપ્લીકેટ ઓળખકાર્ડ મેળવવા ઈચ્છતા હોય તો જિલ્લા તથા તાલુકા મથક ખાતેના "મતદાર સહાયતા કેન્દ્ર" ખાતેથી નિયત ફી ચૂકવીને મેળવી શકશો. આ ઓળખકાર્ડ જો આપનું નામ મતદારયાદીમાં હશે તો જ કાઢી આપવામાં આવશે. મતદારયાદીમાં જે નામ અને વિગતો હશે તે પ્રમાણેનું કાર્ડ કાઢી આપવામાં આવશે.

ઉપર્યુક્ત નમૂના કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારી/પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરીમાંથી તથા જિલ્લા અને તાલુકાના મુખ્ય મથક ખાતેના "મતદાર સુવિધા કેન્દ્ર"માંથી વિના મૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો. ઉપરાંત મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીની વેબસાઈટ www.ceogujarat.nic.in ઉપરથી પણ આ ડાઉનલોડ કરી શકશો. આ વેબસાઈટ ઉપર આપ આપનું નામ પણ ચકાસી શકો છો.

**હવે SMS દ્વારા પણ વિગતો ચકાસી શકાશે**

આપના મોબાઈલમાં ગુજરાત રાજ્યની કોઈપણ જગ્યાએથી epic<SPACE> **આપનો મતદાર ઓળખપત્ર નંબર** લખી ફોન નંબર ૯૨૨૭૫૦૦૯૫૮ પર SMS મોકલી આપવાથી આપની મતદારયાદીમાંની વિગતો જાણી શકાશે, અને તે જ પ્રમાણે blo<SPACE> **આપનો મતદાર ઓળખપત્ર નંબર** લખી SMS મોકલી આપવાથી આપના વિસ્તારના બુથ લેવલ અધિકારીની વિગતો જાણી શકાશે.

**યાદ રાખો**

એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ વખત અથવા એક કરતાં વધારે મતદાર વિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ હેઠળ સજાને પાત્ર ગુનો બને છે.

**આપના પાસે મતદાર ફોટોઓળખપત્ર હશે છતાં પણ મતદારયાદીમાં નામ ન હોય તે શક્ય છે તેથી જો આપની પાસે મતદાર ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં નામ ન હોવાના કારણે આપ મતદાન કરી શકશો નહી, આથી જો મતદાર ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ અવશ્ય ચકાસી લો કે જેથી વિધાનસભાની આગામી ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે.**

માહિતી/૧૨૩૫/૧૨-૧૩ - મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત રાજ્ય






ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com